વિભાગ હસ્તકના સંવર્ગોમાં દિવ્યાંગ
વ્યક્તિઓ માટે જગ્યાઓ સુનિશ્ચિત
કરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૪/૧૩૬૧/બ૧
સચિવાલય, ગાંધીનગર.
તા.૩૦/૦૧/૨૦૨૧

વંચાણે લીધા:

1. મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૧૧/૦૬/૨૦૧૪નો સમાન ક્રમાંકનો ઠરાવ
2. સામાજિક અને ન્યાય અધિકારીતા વિભાગના તા.૦૧/૦૧/૨૦૨૧ના પત્ર ક્રમાંક: અપગ/૧૧૨૦૨૦/૪૭૩૨૨/છ-૧ (પાર્ટ-૨) સાથેની પેટા તજજ્ઞ સમિતિની તા.૨૪/૧૧/૨૦૨૦ની બેઠકની કાર્યવાહી નોંધ.

આમુખ:

વંચાણે લીધેલ ક્રમ (૧) પરના ઠરાવથી મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તકની આઈસીડીએસ યોજના હેઠળની પ્રોગ્રામ અધિકારી વર્ગ-૧ અને બાળ વિકાસ યોજના અધિકારી વર્ગ-૨ના સંવર્ગોની સીધી ભરતીથી ભરવાની થતી જગાઓ પૈકી વિકલાંગ ધારા, ૧૯૯૫ની જોગવાઇ અનુસાર વિકલાંગો માટે આરક્ષિત ૩ (ત્રણ ) ટકા જગ્યાઓ પર યોગ્યતા નક્કી કરવામાં આવેલ હતી. વંચાણે લીધેલ ક્રમ (૨) પરની તા.૨૪/૧૧/૨૦૨૦ના રોજ મળેલ RPwD Act- 2016ની કલમ ૩૪ અન્વયે દિવ્યાંગ વ્યક્તિઓ માટે વિભાગની ત્રણ સંવર્ગો માટે જગ્યાઓ સુનિશ્ચિત(Identity) કરવા પેટા તજજ્ઞ સમિતિની તા.૨૪/૧૧/૨૦૨૦ના રોજ બેઠક અન્વયેની કાર્યવાહી નોંધ ધ્યાનમાં લઇને હવે આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ:

વિભાગ હસ્તકના નીચે દર્શાવેલ સંવર્ગોમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે સરકારી સેવાઓમાં અનામત રાખેલ જગ્યા પર નીચે દર્શાવ્યા મુજબની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોથી જગ્યાઓ ભરવાની રહેશે તે મુજબ ઠરાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | કોલમ (૨)માં દર્શાવેલ જગાઓ માટે લાયક વિકલાંગતાનો પ્રકાર | | | |
|---|---|---|---|---|---|---|
| | | | A | B | C | D & E |
| (૧) | (૨) | (૩) | (૪) | | | |
| ૧ | નાયબ નિયામક | ૧ | LV (40-70%) | HH (40-70%) | OL, OA, OAL, D, AAV, LC | SLD,MD (from amongst person under clauses (a) to (c)) |
| ૨ | પ્રોગ્રામ અધિકારી | ૧ | | | | |
| 3 | બાળ વિકાસ યોજના અધિકારી | ૨ | | | | |

[Code and Functional Classification-: Low Vision(LV), Hard of Hearing (HH), One Leg(OL), One Arm(OA), One Arm One Leg(OAL), Dwarfism(D), Acid Attack Victim(AAV), Leprosy Cured(LC), Specific Learning Disability (SLD), Multiple Disability(MD) ]

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ચૈતન્ય નિમાવત)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. અ.મુ.સ. સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
2. સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ,ગાંધીનગર.(પત્ર દ્વારા)
3. નિયામકશ્રી, કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
4. નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ
5. શાખા સિલેક્ટ ફાઇલ